- તેઓ જનતાને ખાતરી આપી શકે છે કે તેમના પર અમારા દ્વારા દેખરેખ રાખવામાં આવી રહી છે અને અમારી પાસેથી તેમને સલાહ મળી રહી છે.
- ‘મોડેલ ગવર્નિંગ ડોક્યુમેન્ટ્સ’ (નિયમન માટેના નમૂનારૂપ દસ્તાવેજો) અને આ વિષય પર વધારે વિગત નીચે આપેલી કમિશનની વેબસાઈટ પરથી મેળવી શકાય છે **www.charitycommission.gov.uk/registration/default.asp**
- ચેરિટીઓ લોકલ ઓથોરિટી દ્વારા લાદવામાં આવતા કાઉન્સિલ ટેક્સમાંથી ફરજિયાત 80%ની રાહત મેળવવા માટે હકદાર હોય છે અને ઘણા કિસ્સાઓમાં તેમને 100% રાહત આપવામાં આવે છે.
- કેટલીક બેન્કો તેમજ અન્ય નાણાંકીય સંસ્થાનો ચેરિટીઓને મદદકર્તા શરતો પ્રદાન કરે છે.

## નિશ્ચિત માહિતી

**ચેરિટીઝ એક્ટ 2006** કેટલાક ફેરફારો દાખલ કરે છે જેની ચેરિટી સંસ્થાઓ ઉપર અગત્યની અસરો પડશેઃ

- **જાહેર લાભ માટે હોવાની પહેલેથી માની લેવામાં આવેલી ધારણા દૂર કરવી.** બધી જ ચેરિટીઓની જેમ, ધાર્મિક ચેરિટીઓએ પણ સમજાવવાનું રહેશે કે તેમના ઉદ્દેશથી જનતાને કેવી રીતે લાભ થાય તેમ છે. ચેરિટીઓની સ્થાપના જનતાના ફાયદા માટે જ કરવામાં આવેલી હોવી જોઈએ અને તે ફાયદો થતો હોવાનું તેઓ દર્શાવી શકવાં જોઈએ. સામાન્ય રીતે આનો અર્થ એવો થશે કેઃ
  - તેનો ઓળખી શકાય તેવો ફાયદો કે ફાયદા હોવા જ જોઈએ; અને
  - તે ફાયદો જનતાને કે જનતાના અમુક સમુદાયને થતો હોવો જ જોઈએ.

જાહેર ફાયદા વિશેની વધારે માહિતી કમિશનની પુસ્તિકાઃ ‘ચેરિટીઝ એન્ડ પબ્લિક બેનિફિટઃ સમરી ગાઈડન્સ ફોર ચેરિટી ટ્રસ્ટીઝ’ (*Charities and Public Benefit: Summary Guidance for Charity Trustees*, ચેરિટી સંસ્થાઓ અને જાહેર ફાયદાઃ ચેરિટીના ટ્રસ્ટીઓ માટે સંક્ષિપ્ત માર્ગદર્શન) માંથી મળી શકે છે, જે અમારી વેબસાઈટ પરથી મેળવી શકાય છે. આ ઉપરાંત, કમિશન ધાર્મિક અને જાહેર ફાયદા ઉપર એક મંત્રણા કરી રહ્યું છે.

- **£5,000 કરતાં વધારે આવકઃ** સામાન્ય રીતે, જે ચેરિટીઓની વાર્ષિક ગ્રોસ (કપાતો પહેલાંની કુલ) આવક £5,000 કરતાં વધારે હોય તેમણે કમિશન સાથે રજિસ્ટર થવું જ જોઈએ. આ મર્યાદા અગાઉ £1,000 હતી જે હવે વધારવામાં આવી છે.
- **અપવાદો દૂર કરવાઃ** આ એક્ટની જોગવાઈ મુજબ જે ચેરિટી સંસ્થાઓ (મુખ્યત્વે ધાર્મિક)ને અગાઉ રજિસ્ટર થવામાંથી અપવાદ કરવામાં આવી હતી તેમની રજિસ્ટ્રેશન કરવાની ફરજ બનશે. આની અસર જેમને થશે તેવી ધાર્મિક ચેરિટી સંસ્થાઓ વિશે વારંવાર પૂછવામાં આવતા પ્રશ્નો અમારી વેબસાઈટ પરથી મળી શકશે. આ જોગવાઈ 2009માં અમલમાં આવે તેવી સંભાવના છે.
- **મુક્તિઓ આપવાનું બંધ કરવુંઃ** મુક્તિ અપાયેલી ચેરિટી સંસ્થાઓ (મુખ્યત્વે શૈક્ષણિક)નું ભવિષ્યમાં કેવી રીતે નિયમન કરવામાં આવશે તેની પણ આ એક્ટમાં સ્પષ્ટતા કરવામાં આવી છે.અગાઉ મુક્તિ આપવામાં આવી હોય તેવી કેટલીક ચેરિટીઓએ રજિસ્ટર થવાનું જરૂરી રહેશે. આ જોગવાઈ 2009માં અમલમાં આવે તેવી સંભાવના છે.

આ ફેરફારો વિશે વધારે માહિતી અમારી આ વેબસાઈટ **www.charitycommission.gov.uk** પરથી મેળવી શકાશે.

## ચેરિટી કમિશન - અમે કોણ છીએ?

ચેરિટી કમિશન ફોર ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ, ઈંગ્લેન્ડ અને વેલ્સમાં ચેરિટી સંસ્થાઓ માટેના રેગ્યુલેટર (નિયામક) અને રજિસ્ટ્રાર (નોંધણીકાર) છે. અમારો ઉદ્દેશ નીચેના સહિતની સંભવતઃ સર્વશ્રેષ્ઠ નિષ્ણાત સલાહ, માર્ગદર્શન અને નિયમન પૂરું પાડવાનો છેઃ

- કાયદાની સમજણને બઢતી આપવી;
- ચેરિટીઓની અસરકારકતા વધારવા માટે તેમનું નિયમન કરવું;
- ચેરિટી સંસ્થાઓમાં લોકોનો વિશ્વાસ અને ભરોસો વધારવો;
- સારા કાર્યવ્યવહારનો ફેલાવો કરવો;
- ચેરિટીઓ જે કામ કરે છે તેનાથી લોકોને વાકેફ કરવાં;
- ચેરિટીઓને સલાહ અને માર્ગદર્શન પૂરાં પાડીને બહેતર કામ કરવા માટે સુસજ્જ કરવી;
- કાનૂની અમલબજાવણીનું પ્રોત્સાહન આપવું; અને
- ચેરિટીઓ વિશેની ફરિયાદોની તપાસ કરવી.

સમાજમાં ધાર્મિક ચેરિટીઓ સહિતની અન્ય ચેરિટી સંસ્થાઓ જે મૂલ્યવાન યોગદાન પૂરું પાડે છે તેને અમે સ્વીકારીએ છીએ અને તેને બઢતી આપીએ છીએ.

તેમનું કદ કે હેતુ ગમે તે હોય, તમામ ચેરિટીઓ માટેની એક આવશ્યક જરૂરિયાત એ છે કે તેઓ જાહેર ફાયદા માટે તેમજ સરકાર, વ્યાપારિક કે અંગત હિતોથી સ્વતંત્ર રહીને પોતાનું કામ કરે. આવું થાય તેની ખાતરી કરવાનો અમારો ઉદ્દેશ છે.

## હવે પછીનું પગલુંઃ રજિસ્ટર થવાનું વિચારી ર□ાં છો?

ચેરિટીને રજિસ્ટર કરાવતાં પહેલાં વિચારી લેવાની મુખ્ય બાબતોનો ટૂંકસાર અમારી વેબસાઈટ પરથી આ મથાળા હેઠળ મળી શકશે*Registering a Charity* (રજિસ્ટરીંગ એ ચેરિટી - ચેરિટીની નોંધણી કરાવવી). અમારી પાસે *Registering a Charity* (CC21) રજિસ્ટરીંગ અ ચેરિટી (ચેરિટીની નોંધણી કરાવવી) નામની માર્ગદર્શિકા પણ છે જેમાં આના વિશે વધારે વિગતવાર માહિતી આપેલી છે. અમારાં બધાં જ પ્રકાશનો અમારી વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાય છે અથવા તમે સીધા ચેરિટી કમિશનને **0845 300 0218** પર ફોન કરીને તેની છાપેલી નકલો પણ મંગાવી શકો છો.

દરેક અરજી ઉપર કામ કરતાં રજિસ્ટ્રેશન ટીમને એકંદરે 40 દિવસ જેટલો સમય લાગે છે, પરંતુ અરજી જેટલી વધારે અટપટી હોય, તેને પૂરી કરવામાં તેટલા જ વધારે સમયની જરૂર પડશે. રજિસ્ટ્રેશન ટીમ દર વર્ષે લગભગ 7,000 જેટલી અરજીઓ ઉપર કાર્યવાહી કરે છે જેમાંથી લગભગ 5,000 જેટલાનું રજિસ્ટ્રેશન કરવામાં આવે છે.

જો ચેરિટીઓની સ્થાપના યોગ્ય રીતે કરવામાં ન આવી હોય અને જો તેમના નિયમન અને વહીવટ માટેનું માળખું સારી રીતે બનાવવામાં ન આવ્યું હોય, તો તેમને મુશ્કેલી પડવાની સંભાવના છે. આના વિશે સલાહ આપવા માટે અમારી પાસે *Choosing and Preparing a Governing Document* (CC22) ચૂઝિંગ એન્ડ પ્રીપેરિંગ અ ગવર્નિંગ ડોક્યુમેન્ટ (નિયમનનો દસ્તાવેજ પસંદ કરીને તૈયાર કરવો) નામની માર્ગદર્શિકા છે.

ફેઈથ એન્ડ સોશિયલ કોહેશન યૂનિટ (એફ.એસ.સી.યુ.) વિશે વધારે માહિતી તેમજ તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા અખબારી સમાચારો અમારી વેબસાઈટ **www.charitycommission.gov.uk** પરથી મેળવી શકાશે.

ફેઈથ એન્ડ
સોશિયલ કોહેશન

# ધર્મ આધારિત ચેરિટી તરીકે રજિસ્ટર થવું

Registering as a faith based charity – Gujarati

- ❑ તમે સમાજની સેવા કરો છો?
- ❑ તમારી પ્રવૃત્તિઓ માટેનું ભંડોળ જાહેર દાનની રકમોમાંથી મળે છે?
- ❑ તમારી પાસે ઓળખી શકાય તેવાં હિતાધિકારીઓ છે?
- ❑ તમારા હેતુઓ જાહેર જનતાને ફાયદાકારક છે?
- ❑ તમારી વાર્ષિક આવક £5,000 કરતાં વધુ છે?
- ❑ તમે ધાર્મિક દાન ઉઘરાવો છો?
- ❑ ફંડનો ઉપયોગ આંતરરાષ્ટ્રિય રીતે કરવામાં આવે છે?

જો તમે ઉપરનામાંથી કોઈ પણ માપદંડ માટે 'હા' જવાબ આપ્યો હોય, તો તમારી સંસ્થા ચેરિટી (ધર્માદા) સંસ્થા હોઈ શકે છે. જો એવું હોય તો સંસ્થાને ચેરિટી તરીકે રજિસ્ટર કરાવવાથી મળતા ફાયદાનો તમે લાભ મેળવી શકો છો.

## ચેરિટી (ધર્માદા) એટલે શું?

ચેરિટીઓ - ચેરિટી સંસ્થાઓ બ્રિટિશ જીવનનો એક ભાગ છે. તે નજીવાં સંસાધનો વડે સ્થાનિક જરૂરતો પૂરી કરતાં નાનાં નાનાં જૂથોથી માંડીને લાખો પાઉન્ડના બજેટ ધરાવતી મોટી મોટી પ્રખ્યાત ચેરિટીઓ સુધી જુદા જુદા પ્રકારની હોય છે.

ચેરિટી કમિશન સાથે રજિસ્ટર થયેલી (નોંધાયેલી) 190,000 ચેરિટી સંસ્થાઓ છે અને આ ચરિટીઓની વાર્ષિક £45 બિલિયનની આવક છે, લગભગ 600,000 જેટલાં પગારદાર કર્મચારીઓ અને 900,000 જેટલાં ટ્રસ્ટીઓ છે. તેમના અનેક જુદા જુદા ઉદ્દેશો હોય છે અને જુદા જુદા અનેક માર્ગે તે ઉદ્દેશો પ્રાપ્ત કરવાનો તેઓ પ્રયત્ન કરે છે. હાલમાં કમિશન સાથે 25,000 ધાર્મિક ચેરિટી સંસ્થાઓ રજિસ્ટર થયેલી છે.

ચેરિટી એટલે એવી સંસ્થા જે એક અથવા વધારે એવા ઉદ્દેશો પૂરા કરવા માટે સ્થાપવામાં આવી હોય છે જેને કાયદામાં ચેરિટેબલ એટલે કે ધર્માદા તરીકે માન્યતા આપવામાં આવેલી હોય છે. [1] તેમાં અમુક ઉદ્દેશો ચેરિટેબલ હોય અને અમુક ઉદ્દેશો ચેરિટેબલ ન હોય એવું ન બની શકે. ચેરિટીનો કાનૂની અર્થ, સામાન્ય રીતે લોકો જેને સારું કારણ માનતાં હોય છે તેના જેવો જ હંમેશાં હોતો નથી.

ચેરિટીનો ઉદ્દેશ જાહેર ફાયદા માટેનો હોવો જ જોઈએ. ચેરિટી ચલાવનારાં લોકો (તેના ટ્રસ્ટીઓ) અને સગાંઓ અથવા તેની સાથે નિકટનો સંબંધ ધરાવતી કંપનીઓ તેનો અંગત રીતે ફાયદો મેળવી શકે નહિ, સિવાય કે સંસ્થાનો ઉદ્દેશ પૂરો કરવા માટેના અનિવાર્ય પરિણામ સ્વરૂપે તેમ થતું હોય.

અત્રે એવા અનેક ધર્મો છે જે ચેરિટેબલ હોવા માટે સક્ષમ છે, દાખલા તરીકે, બહાઈ, બૌદ્ધ, ખ્રિસ્તી, હિન્દુ, ઈસ્લામ, જૈન, યહૂદી, શીખ અને ઝોરોસ્ટ્રિયન. ધાર્મિક સમુદાયો ઘણીવાર જરૂરતમંદ લોકોને સહાયતા પૂરી પાડે છે, તેમજ સમાજ માટે પૂજા-પ્રાર્થનાનાં સ્થળો કે સામાજિક કેન્દ્રો મારફતે સમાજને સુવિધા પૂરી પાડે છે. આ બધું જ સામાન્ય રીતે ચેરિટીના છત્ર હેઠળ શક્ય બની શકે.

1

'ચેરિટીઝ એક્ટ 2006' ચેરિટીની વ્યાખ્યા એક એવા મંડળ તરીકે કરે છે જે:

- એક્ટમાં વર્ણવવામાં આવેલા હેતુસર સ્થાપવામાં આવી હોય; અને
- જાહેર ફાયદા માટે હોય.

એક્ટમાં વર્ણવવામાં આવેલા હેતુઓની યાદી નીચે આપેલી છે અને તે 2008થી અસરમાં આવશે. દરેક હેતુ માટેની સમજૂતી આપતી નોંધો કમિશનની આ વેબસાઈટ પરથી મેળવી શકાય છે

www.charitycommission.gov.uk/spr/corcom1.asp

આ યાદીમાં પહેલેથી જે ચેરિટેબલ છે તેવા મોટા ભાગના હેતુઓને આવરી લેવામાં આવ્યા છે; છેલ્લી શ્રેણીનો અર્થ છે કે હાલમાં જે ચેરિટેબલ છે તે બધું જ તેમાં સમાવાઈ જાય છે:

- ગરીબી રોકવી કે તેમાં રાહત આપવી;
- શિક્ષણમાં ઉન્નતિ;
- ધર્મની ઉન્નતિ;
- આરોગ્યની ઉન્નતિ અથવા જીવન બચાવવાં;
- નાગરિકત્વનું ઉત્કર્ષણ અથવા સામાજિક વિકાસ;
- કલા, સંસ્કૃતિ, વારસો કે વિજ્ઞાનની ઉન્નતિ;
- અવેતન ખેલાડીઓની ઉન્નતિ;
- માનવ અધિકારોની ઉન્નતિ, વિવાદોનો ઉકેલ કે સમાધાન અથવા ધાર્મિક કે વર્ણીય સુમેળની કે સમાનતા અને વિભિન્નતાની બઢતી;
- પર્યાવરણીય સુરક્ષાનો વધારો કે તેમાં સુધારો;
- યુવાનો, ઉંમર, બીમારી, અસમર્થતા, નાણાંકીય હાડમારી કે અન્ય ગેરલાભોને કારણે જરૂરતમાં રહેલાં લોકોને રાહત;
- પ્રાણીઓના હિતની ઉન્નતિ;
- રાજસત્તાનાં લશ્કરી દળોની કાર્યક્ષમતાની બઢતી, અથવા પોલીસ, ફાયર અને બચાવ સેવાઓ અથવા એમ્બ્યુલન્સ સેવાઓની કાર્યક્ષમતામાં બઢતી; અને
- કાયદામાં ચેરિટેબલ ગણવામાં આવ્યા હોય તેવા બીજા કોઈ પણ હેતુઓ.

## ચેરિટી હોવાના મુખ્ય ફાયદા શું છે?

જાહેર જનતા અને ખાસ કરીને ભંડોળ આપનારાંઓ (ફંડરો) રજિસ્ટર થયેલી ચેરિટી સંસ્થાને દાન કરે તેવી સંભાવના વધારે હોય છે કારણ કે તેમને ખબર હોય છે કે તે સંસ્થા ચેરિટી કમિશનના નિયંત્રણના માળખા હેઠળ આવે છે.

ચેરિટીઓને આકર્ષક કર રાહતોનો પણ ફાયદો મળે છે. તેમણે *સામાન્ય રીતે નીચેના કર ચૂકવવા પડતા નથી:*

- ✓ **ઈન્કમ ટેક્સ (આવકવેરો):** રોકાણો, જમીન અને મિલકતમાંથી થતી આવક ઉપર, તે આવક જો ચેરિટેબલ હેતુઓ માટે વાપરવામાં આવતી હોય તો;
- ✓ **કોર્પોરેશન ટેક્સ (નિગમ કંપની વેરો):** વેપારી પ્રવૃત્તિઓમાંથી થયેલી આવક ઉપર, જો તેમાંથી થયેલા નફાની રકમ ચેરિટેબલ હેતુઓ માટે વાપરવામાં આવતો હોય તો;
- ✓ **કેપિટલ ગેઈન્સ ટેક્સ (મૂડીગત લાભ પરનો વેરો):** મિલકતોના વેચાણમાંથી મેળવવામાં આવેલા ફાયદા ઉપર, જો તે આવક ચેરિટેબલ હેતુઓ માટે વાપરવામાં આવતી હોય તો;
- ✓ **સ્ટેમ્પ ડ્યુટી:** ચેરિટીને ટ્રાન્સફરો કરતી વખતે કે તેના નામ પર કરતી વખતે
- ✓ **બિઝનેસ રેટ્સ:** ચેરિટીઓ જે મકાનોનો ઉપયોગ કરતી હોય કે તેના ચેરિટેબલ હેતુઓને આગળ ધપાવવા માટે તે જ્યાંથી કામકાજ કરતી હોય તે મકાનો પર તેમણે સામાન્ય બિઝનેસ રેટ્સના 20% કરતાં વધારે ચૂકવવા પડતા નથી.

ચેરિટીઓને દાન આપતાં લોકો, તેમની તે ભેટનું મૂલ્ય વધી શકે તેવી રીતે તે દાન કરી શકે છે.

- ✓ 'ગિફ્ટ એઈડ' સ્કીમ હેઠળ, યુકેની ચેરિટીઓ, દાન આપનાર વ્યક્તિએ પેહલેથી જે ટેક્સ ચૂકવી દીધો હોય તેટલો મૂળભૂત દરનો ટેક્સ પાછો મેળવી શકે છે, આ દરેક પાઉન્ડ દીઠ 28 પેન્સ હોય છે. ઉચ્ચ દરે ટેક્સ ચૂકવનારાં લોકો પણ તેમણે આપેલી ભેટની રકમ ઉપર ટેક્સના મૂળભૂત દર અને ઉચ્ચ દર વચ્ચેના તફાવત જેટલી રકમ કદાચ અંગત રીતે પાછી મેળવી શકે. આ સ્કીમ હેઠળ યુકેની કંપનીઓ કોઈ ટેક્સ કાપવામાં આવે તે પહેલાં ચેરિટી સંસ્થાને પૈસાની ભેટ આપી શકે છે.
- ✓ વસિયતનામાની અંદર વારસા દ્વારા મૂકી જવામાં આવેલી ભેટોને પણ વારસાવેરામાંથી મુક્તિ આપવામાં આવે છે.

## વધારાના ફાયદા

રજિસ્ટર થયેલી ચેરિટીઓ માટેના બીજા ફાયદામાં નીચેનાનો સમાવેશ થાય છે:

- ભંડોળ ઉઘરાવવું અને નિયંત્રણ કરવા જેવી બાબતો પર અમારા તરફથી અનેક જુદી જુદી સલાહ તેમજ માર્ગદર્શન વિનામૂલ્યે મેળવી શકો છો.
- રજિસ્ટર થયેલી ચેરિટીઓને ભંડોળ ઉઘરાવવાના હેતુસર ચેરિટી રજિસ્ટ્રેશન નંબર અને ચેરિટીના બેજ (બિલ્લા)/બ્રાન્ડનો ફાયદો મળે છે, અને તેઓ ગિફ્ટ એઈડની ગોઠવણો મારફતે વધુમાં વધુ નાણાકીય ફાયદો મેળવી શકે છે.
- અમારા સંપર્ક કેન્દ્રમાં તાલીમબદ્ધ કર્મચારીઓ પાસેથી સલાહ, જેઓ ફોન પર અથવા ઈમેઈલ મારફતે પૂછપરછોના જવાબ આપી શકે છે (ફોન: **0845 300 0218**, **enquiries@charitycommission.gov.uk**).